રાજ્યનાં આંગણવાડી કાર્યકર/તેડાગરના
માનદ વેતનમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૧૨૦૧૬/૨૧૭૬/બ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯/૦૯/૨૦૨૨

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૧/૦૩/૨૦૧૯ અને તા.૨૧/૦૩/૨૦૨૦ના **સમાન** ક્રમાંકના ઠરાવો.

## //ઠરાવ//

**વંચાણે લીધા (૧) પરના ઠરાવોથી આંગણવાડી કાર્યકરોને રૂ.૭૮૦૦/-, આંગણવાડી તેડાગરોને** રૂ.૩૯૫૦ અને મીની આંગણવાડી કાર્યકરોને રૂ.૪૪૦૦/- માનદ વેતન નક્કી કરવામાં આવેલ હતું. પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા માનદ વેતનમાં વધારો કરીને નીચે મુજબનું માનદ વેતન નિયત કરવાનું ઠરાવવામાં આવે છે:

| આંગણવાડીના માનદકર્મી | હાલનું માનદ વેતન | | | ૧૦૦% રાજ્ય સરકારના ફાળામાં માનદ વેતનમાં વધારો | તા.૦૧/૧૦/૨૨ **ના રોજથી** મળનાર નવુ માનદ વેતન |
|---|---|---|---|---|---|
| | કેંદ્ર:રાજ્ય (૬૦:૪૦) | રાજ્ય સરકારનો ૧૦૦% ફાળો | કુલ માનદ વેતન | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| આંગણવાડી કાર્યકર | ૪૫૦૦ | ૩૩૦૦ | ૭૮૦૦ | ૨૨૦૦ | ૧૦,૦૦૦ |
| આંગણવાડી તેડાગર | ૨૨૫૦ | ૧૭૦૦ | ૩૯૫૦ | ૧૫૫૦ | ૫૫૦૦ |
| મીની આંગણવાડી કાર્યકરની જગ્યાને આંગણવાડી કાર્યકરમાં ફેરવતા | ૩૫૦૦ | ૯૦૦ | ૪૪૦૦ | ૫૬૦૦ | ૧૦,૦૦૦ |

૨. તમામ મીની આંગણવાડી કાર્યકરની જગ્યાને આંગણવાડી કાર્યકરમાં તબદીલ કરવામાં આવે છે, આથી તમામ મીની આંગણવાડી કાર્યકરને આંગણવાડી કાર્યકરનું માનદ વેતન મળવાપાત્ર રહેશે.

3. આ માટે થનાર ખર્ચની નાણાકીય જોગવાઈ બજેટ જોગવાઈની મર્યાદામાં Revise Estimate/ Additional Authorisation મારફત પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૦/૦૯/૨૦૨૨ અને સરકારશ્રીની તા.૨૭/૦૯/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઈ.લેઉવા)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
3. માન. રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક)ના અગંતસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
4. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. અગ્રસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. સચિવશ્રી (આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
9. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
10. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

11. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .......................
12. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.......................
13. વિભાગીય નાયબ નિયામકશ્રી, રાજકોટ/અમદાવાદ/વડોદરા/સુરત.
14. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ..................
15. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, ..................
16. એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
17. સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
18. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
19. વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
20. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર - વેબસાઈટ પર મુકવા સારૂ.
21. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
22. શાખા સિલેક્ટ ફાઈલ.